# દેવના લોકો એક શરીરની જેમ સાથે મળીને કાર્ય કરે છે.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, આ બાળકોને એકબીજાની સેવા કરવામાં એવી રીતે મદદ કરો કે શરીરના જુદા જુદા અંગો હોવા છતાં નિકટપણે એક થઈને કાર્ય કરે છે.

બાળકોની ઉંમર અને તેમને સમય મળે તે અનુસારની પ્રવૃત્તિઓ પસંદ કરો.



ચિત્ર જોડવાની રમત રમાડો.

- એક કાગળ ઉપર બાળકના શરીરનું સાદુ રેખાચિત્ર દોરો.( બને તેટલું મોટું) તે ચિત્ર બાળકોને બતાવો.
- તે ચિત્રના ટુકડા કરો અને દરેક બાળકને એક ટુકડો આપો હવે બાળકો ભેગા થઈને આ ટુકડા ગોઠવીને બાળકનું ચિત્ર બનાવે. મોટા બાળકો નાનાની મદદ કરે.
- જો જૂથ નાનું હોય તો તમે રમત શરૂ થતા પહેલાં આ ટુકડા રૂમમાં સંતાડી શકો અને બાળકો પોતાની જાતે શોધીને ચિત્ર પૂરૂં કરે.
- જો જૂથ મોટુ હોય તો એક કરતા વધારે ચિત્રોના ટુકડા કાપીને ગેમ શરૂ થતા પહેલા રૂમમાં છુપાવી દો. દરેક ચિત્રના ટુકડા ચોક્કસ વિસ્તાર નકકી કરીને છુપાવો જેથી જુદા જુદા ચિત્રના ટુકડા ભેગા ના થઈ જાય. જેટલા ચિત્ર હોય તેટલા જૂથ બનાવીને ટુકડા શોધાવો.

- જ્યારે દરેક બાળક પોતાને મળેલો કકડો ચિત્રમાં યોગ્ય જગાએ મૂકે ત્યારે તે બોલો કે પ્રભુ મારા દ્વારા પોતાનું કામ કરાવવા માંગે છે. દાખલા આપો. માતાપિતાને આધિન થવું. દેવ પર વિશ્વાસ કરવો, દેવ પર પ્રેમ કરવો, માણસો પર પ્રેમ કરવો, દુશ્મનોને માફ કરવા, એકબીજાની સેવા કરવી, દાન આપવું. લોકોને ઈસુ વિષે કહેવું, ભજન, પ્રાર્થના, બાયબલ અભ્યાસ વિ.
- મોટા છોકરા નાનાઓની મદદ કરે. તેઓ વિચારે કે દેવ તેમના દ્વારા શું કરવા માંગે છે.

**મોટો છોકરો, અથવા શિક્ષક :** શરીરના દૃષ્ટાંત ને સમજાવે ૧ કોરી.૧૨:૪-૨૬

- આપણે આપણી મંડળીને શરીર કહીએ છીએ કારણકે આપણે પ્રભુ ઈસુના છીએ. તે આપણું શિર છે અને આપણે તેના શરીરરૂપ છીએ.
- દેવ તેની મંડળીમાં દરેકને ખાસ કામ આપે છે જેથી એકબીજાની સેવા થાય.
- આ ખાસ કામ આપણા શરીરના જુદા જુદા અવયવો સમાન છે. જે એક થઈને કામ કરે છે.

આપણે એક શરીર તરીકે કેવી રીતે કામ કરીએ છીએ તે વિશે પ્રશ્ન પૂછો. *(જવાબો સાથે આપેલા છે)*

- દરેક માણસ કરી શકે તેવા કેટલાક કામો મંડળીમાં ક્યા છે ? *(કલમ ૮-૧૦)*
- દરેકને આત્મિક દાનો કોણ આપે છે ? *(કલમ ૧૧)*
- પવિત્ર આત્મા દરેક વિશ્વાસીને શેમાં બાપ્તિસ્મા આપે છે. *(કલમ ૧૨-૧૪)*
- જો આખું શરીર આંખ હોત તો શું સ્થિતિ થાત ? *(કલમ ૧૭)*
- જો ખ્રિસ્તના શરીરમાં કોઈને માન મળે અથવા વિપત્તિમાં પડે તો આપણે શું કરીએ છીએ ? *(કલમ ૨૬)*

જ્યારે વિશ્વાસીઓ એકબીજા સાથે મળીને કામ ન કરે ત્યારે શરીર કઈ રીતે કામ કરે છે તે વિષે બાળકોને કહેવા દો.

- આપણા પગ એ બીજાઓ સુધી સુવાર્તા પહોંચાડનાર વિશ્વાસીઓના પ્રતીક છે તે સમજાવો. પછી કહો 'જો આ બે માંથી કે પોતાનું કામ ન કરે તો શરીર કેવી રીતે ચાલે ?' (બાળકોને કલ્પના કરવા દો.)

- એવો જ પ્રશ્ન આંખ બાબતે પૂછો (આંખ એટલે એવા લોકો જે આપણે માટે દેવની ઈચ્છા જૂએ છે.)

  ૧ કોરી ૧૨ માંથી **નાટક ભજવો.**

- સભાના આગેવાન પાસે આ નાટક ભજવવાની મંજુરી માંગો. તમે તેનો કેટલો ભાગ પણ બતાવી શકો. મોટા બાળકો નાટક તૈયાર કરવામાં સહાય કરે.

  **મોટો છોકરો દેવની વાણી બોલે.**

  કોઈ **શિક્ષક** કે શીખવી શકે તેવો **મોટો છોકરો** શિક્ષકનું પાત્ર લે.

  **બીજા બાળકો પગ, આંખ, કાન, હાથો** વિ. પાત્રો બને.

**શિક્ષક** : કલમ ૪-૧૩ સમજાવે. પછી કહે , 'દેવનો આત્મા શું કહે છે તે સાંભળો.'

**દેવનો અવાજ :** ''આવો, શરીરના અવયવ બનો. જ્યારે હું તમારૂં બાપ્તિસ્મા કરૂં છું ત્યારે તમે ખ્રિસ્તના શરીરના ભાગ બનો છો. અને હું દરેક ને જુદું જુદું કામ સોંપુ છું. આ કામો કરવાની શક્તિ પણ હું આપું છું. તમે આ આત્મિક દાનો એકબીજાની સેવા કરવા માટે વાપરો.''

**પગ,હાથ,આંખ અને કાનો :** એકબીજાના હાથ પકડીને ગોળ ઉભા રહે. એક આંટો ગોળ મારે. જો બાળકો ખૂબજ હોય તો એક સર્કલની અંદર બીજા સર્કલો એરીતે ગોઠવાય.

**શિક્ષક** : કલમ ૧૪ થી ૨૧ સમજાવે. પછી બોલે,''બે આળસુ પગો શું કહે છે તે સાંભળો.''

**પગો** : પોતાનું વર્તુળ છોડી દે છે. આક્રોશ વ્યકત કરે છે. ''અમારી પગોની કોઈ કાળજી લેતું નથી. અમે મંડળી છોડી દઈશું.'' ''અમને હાથ બનાવવામાં નહીં આવો તે અમે કામ નહીં કરીએ.'' 'મારે હાથ બનવું છે.'

(તેઓના નીકળી જવાથી વર્તુળના બાકીના બાળકો જમીન પર પડી જાય.)

**કાન** : હું તો ફક્ત કાન જ છું. (ગુસ્સાથી બોલે)

હું આંખ હોત તો કેવું સારૂં ! (તે વર્તુળ છોડી દે છે)

**હાથ** : હું તો હાથ છું. સૌથી મહત્વનો હું છું. મને તમારી બાકીનાની પરવા નથી. (તે પણ છૂટો થાય છે.)

**આંખો** : હું આંખ છું. અરે નાક, મારે તારી જરૂર નથી. તું ના હોય તો પણ હું સારૂં જોઈ શકું છું. (તે છોડી દે છે )

**શિક્ષક** : કલમ ૨૨ થી ૨૬ સમજાવે છે. પછી કહે, 'પવિત્ર આત્મા શું કહે છે તે સાંભળો.'

**દેવની વાણી :** તમે બધા પાછા વર્તુળમાં આવી જાઓ. દેવ તમ દરેકનો ઉપયોગ કરો છે.

**પગ, હાથ, આંખ અને કાન :** પાછા વર્તુળમાં જોડાય છે. અને એક ગોળ આંટો પૂરો કરે છે.

**શિક્ષક કે મોટા છોકરો :** નાટકમાં મદદ કરનાર બધાનો આભાર માને છે. જો બાળકોએ આ નાટક મોટાઓ માટે કર્યું હોય તો તેઓને ઉપરના પ્રશ્નનો પણ પૂછવા દો.

આપણા જુદા જુદા આત્મિક દાનો વડે આપણે કઈ રીતે એકબીજાની સેવા કરી શકીએ તે વિષે બાળકોને અને મોટાઓને કહેવા દો.



હાથનું સાદુ ચિત્ર દોરો. બાળકો તેની નકલ કરે. બાળકો બીજી ભજનસેવા દરમ્યાન તે ચિત્રો બતાવે અને સમજાવે કે દેવ આપણને જુદી જુદી શક્તિ ઓ આપે છે કે આપણે શરીરના જુદા જુદા અવયવોની જેમ એકબીજાની સેવા કરીએ.

નાના બાળકો ગલા ૫ :૧૩ અને મોટા એફેસી ૪ :૧૫-૧૬ **મોઢે કરે.**

પાંચ બાળકો ગી.શા. ૧૦૦ ની એક એક કલમ મોઢે બોલી જાય.

આપણે એક શરીર તરીકે કેવી રીતે કામ કરીએ તે વિષે મોટા બાળકો ગીત બનાવે તેઓ અઠવાડીયા દરમ્યાન પણ તે કરી શકે.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, મંડળીમાં કામ કરવા માટે અમે દરેકની તમે કરેલી સહાય માટે અમે તમારો આભાર માનીએ છીએ. એકબીજાની સેવા કરવા અમારી સહાય કરો. અમે બીજા કરતા ચઢિયાતા છો તેવા વિચારથી અમને બચાવો. અમે સદા તે યાદ રાખીએ કે તમારી દરેક વિશ્વાસી અગત્યનો છે.